ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**પ્રકાશ લાલા**
મંત્રી, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો : ૯૪૨૬૦૮૪૬૩૨



**વસંતબેન સુરેશ ભટ્ટ**
મો. ૨૩૨૨૬૨૫૧



**અંજનાબેન બિપીનભાઈ રાવલ**
મેને. ટ્રસ્ટી, શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા
મો. ૯૧૫૭૩ ૯૪૨૬૭



**કૃપાબા પંકજસિંહ બિહોલા**
મો. ૯૬૨૪૧ ૯૯૦૮૯



**ઈશ્વરલાલ દેવશંકર જોષી**
આજીવન સભ્ય, સિસિકા અને ગાંધીનગર સાહિત્ય સભા



**સંકેત ગોર**
મો. ૯૮૨૪૬ ૪૫૬૭૧



**કવિશા ચિરાગકુમાર જોષી**
મો. ૯૮૭૯૫ ૮૫૨૮૩



**વિધિ ધવલ રાજપૂત**
મો. ૯૦૯૯૦ ૯૦૯૬૧

# વાવોલની શ્રી એમ બી પટેલ વિદ્યાલય ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૬

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના ઉપક્રમે ચાઈલ્ડ ફ્રેન્ડલી સ્કિમ અંતર્ગત એક કાનૂની શિબિર વાવોલમાં શ્રી એમ બી પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે યોજવામાં આવી હતી.

પેરાલીગલ વૉલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની વિસ્તૃત કાયદાકીય સમજ આ કાર્યક્રમમાં આપવામાં આવી હતી. એડવોકેટ પરેશ જોષી દ્વારા બાળ અધિકારો અંગે પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવ્યું હતું તથા શાળાઓમાં થતી કનડગત અંગે પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પીએલવી રાજુભાઈ ગજ્જરે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર દ્વારા વિવિધ પ્રકારની જરૂરિયાતમંદ વ્યક્તિઓને મફત કાનૂની સલાહ-સહાય અંગે સૌને વાકેફ કર્યા હતા.

શિબિરમાં મુખ્ય મહેમાન તરીકે વાવોલ ગ્રામ પંચાયતના સરપંચ કમલેશસિંહ ગોલ, અતિથિ વિશેષ તરીકે પ્રગતિ મંડળના ટ્રસ્ટી મુકેશભાઈ પટેલ, આચાર્ય બળદેવભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ૧૯૬ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષક ગણે શિબિરનો ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં ધોરણ-૪થી ૮ની વિદ્યાર્થીનીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૭૩ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ધોરણ-૪ અને ૫ માટે 'કુદરતી દશ્ય' અને 'રંગોળી' તથા ધોરણ-૬થી ૮ માટે 'સ્વચ્છ ભારત' અને 'ઉત્તરાયણ પર્વ' વિષયો રાખવામાં આવ્યા હતા. પ્રત્યેક ધોરણમાંથી બે શ્રેષ્ઠ ચિત્રો સર્જનાર માટે ઈનામોની જાહેરાત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષક હસમુખભાઈ પટેલ તથા પુષ્પાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્ય નીરૂબેન પટેલે ભાગ લેનાર તથા વિજેતા સૌ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ માટે

# આધ્યાત્મિકતા-ધ્યાન સાધના માટે માર્ગદર્શન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૬

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશનનાં (બીબીએ) કૉલેજનાં ૧૧૬ વિદ્યાર્થીઓ ની માટે શ્રી રામચંદ્ર આશ્રમ ખાતે એકદિવસીય ધ્યાન માર્ગદર્શક શિબિર યોજાઈ. મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે ધ્યાન માટે તાલીમ મેળવે તેમજ તેનાથી અભ્યાસમાં સારો દેખાવ કરી શકે તે માટે સમગ્ર તાલીમ શિબિરનું આયોજન કરવા માં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને જીજ્ઞેશભાઈ શેલત દ્વારા ધ્યાન માટેની તાલીમ આપવામાં આવી તેમજ શ્રી રામચંદ્ર મિશનની સ્થાપનાથી લઈ ત્યાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૧૯૪૫માં ઉમદા વિચાર સાથે આ મિશનની શરૂઆત કરવામાં આવી. આજે સમગ્ર વિશ્વ માં કુલ ૧૪૦ દેશોમાં રામચંદ્ર મિશન કાર્યરત છે. તેમજ ભારતમાં ૧૪૦૦ આશ્રમો થકી યુવાનોને તાલીમ આપવાનું ઉમદા કાર્ય થઈ રહ્યું છે. સમગ્ર દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓને ધ્યાન સહીત અધ્યાત્મ તેમજ પરમ તત્વ બાબતે સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ વિદ્યાર્થીઓને ગ્રુપમાં વંહેચી ગ્રુપ ડિસ્કશન પણ કરાવવામાં આવ્યું હતું. જેમાં તેમને ખુબ જ્ઞાન સાથે ગમ્મત થઈ હતી. જીજ્ઞેશભાઈ દ્વારા ભારત સરકારના રેલવે વિભાગમાં ૨૨ વર્ષ સુધી સેવારત રહ્યા બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા બાદ આ ઉમદા કાર્યમાં જોડાયા હતા. છેલ્લા ઘણા વર્ષોથી તેઓ રામકૃષ્ણ મિશન સાથે જોડાયેલા છે. વિદ્યાર્થીઓ સમગ્ર દિવસ દરમ્યાન ખુબ સુંદર આધ્યાત્મિક તેમજ શારીરિક સ્વાસ્થ્ય લાભની પ્રવૃતિઓથી લાભાન્વિત થયા. ગ્રુપ ડિસ્કશન તેમજ એનાલીસીસ માટે પણ વિદ્યાર્થીઓને મોકો આપવામાં આવ્યો હતો. અને ત્યારબાદ વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો હતો. આમ સમગ્ર શિબિર વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થઈ હતી. આજ ના ખુબ ઝડપી યુગમાં મનની શાંતિ તેમજ માનસિક વિકાસ ખુબ જરૂરીછે. જેના માટે કોલેજ દ્વારા સમગ્ર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ માટે અલ્પાહાર તેમજ બપોરે સાત્વિક ભોજનની વ્યવસ્થા પણ આશ્રમ ખાતે કરવા માં આવી હતી. આશ્રમના કુદરતી સૌન્દર્યથી ભરપુર વાતાવરણમાં વિદ્યાર્થીઓએ સમગ્ર શિબિરને ખુબ આનંદ પૂર્વક માણી હતી. સમગ્ર મુલાકાત ને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈન-ચાર્જ ડૉ. જયેશ તન્ના, પ્રો.આશિષ ભુવા અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

તમે તમારી ભૂલનો
સ્વીકાર કરો છો
એનો અર્થ એ થાય છે
કે તમે ગઈકાલની તુલનામાં
આજે વધુ સમજદાર થયા છો.
-એલેક્ઝાનડર પૉપ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કહાની-૨
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ
(અંગ્રેજી, ૩ડી)
૨.૦૦, ૪.૦૦, ૮.૦૦
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ
(હિન્દી, ૩ડી)
૬.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડિયર જિંદગી
૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
ફોર્સ-૨
૭.૦૦

**સ્ક્રીન-૫**
કહાની-૨
૧૦.૦૦, ૨.૦૦,
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૬**
કહાની-૨
૫.૦૦
ફોર્સ-૨
સવારે ૧૦.૦૦
ડીયર જિંદગી
૧.૦૦

# નોટબંધી જેવી ઘટના સમયે દુઃખ ઉત્પન્ન ન થાય તે માટે પણ શિબિર

## એનઆરઆઈ પણ ભાગ લેશે : ૩૦ ડિસેમ્બરથી 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' ગ્રંથ વિષયે જૈન વિદ્વાનો દ્વારા અભ્યાસ કરાવાશે

ગાંધીનગર, તા. ૬

નોટબંધીની સ્થિતિ ઉત્પન્ન થઈ તેમાં કાળું નાણું જવાબદાર છે અને પરિગ્રહ વૃત્તિને કારણે કાળા નાણાંની સ્થિતિ સર્જાય છે. માણસ પરિગ્રહ એટલા માટે કરે છે, સંપત્તિ ઉપર આસક્તિ હોય છે અને તેને કારણે તે ધનથી બધું જ થઈ શકે છે, એવું માનતો થાય છે, પરંતુ જૈન ધર્મ એવું માને છે કે આ પરિગ્રહ જ પાપનું કારણ છે.

જો માણસ પોતાને મળેલી સંપત્તિનો ઉપયોગ દેશ, સમાજ અને શિક્ષણના વિકાસમાં કરે તો આવા દુઃખના દિવસો જોવા ન પડે. આ અને આવા અનેક ઉદ્દેશોથી પ્રેરાઈને શ્રુતરત્નાકર અને સંબોધિ સંસ્થાન દ્વારા પ્રતિવર્ષ 'તત્ત્વાધિગમસૂત્ર'ની અધ્યયન શિબિરનું આયોજન કરવામાં આવે છે, જે ૧૦ દિવસનો સંપૂર્ણ અભ્યાસ જૈન ધર્મના નામાંકિત જૈન વિદ્વાનો દ્વારા કરાવવામાં આવે છે. આ અભ્યાસ કરવા માટે ગુજરાત ઉપરાંત તેમજ અમેરિકા-ઈંગ્લેન્ડથી પણ દ્દઈ જિજ્ઞાસુઓ પધારશે.

આ વર્ષે 'તત્ત્વાધિગમસૂત્ર'ની અધ્યયન શિબિરનો પ્રારંભ તા.૩૦ ડિસેમ્બરથી થશે. જે તા.૮ જાન્યુઆરી સુધી દાદાસાહેબના પગલાં પ્રવચન હોલ ખાતે યોજાશે.

આ અંગે વધુ વિગતો આપતાં જાણીતા જૈન વિદ્વાન, જિતેન્દ્રભાઈ શાહે જણાવ્યું કે તથાકથિત ધર્મને કારણે આતંકવાદ જેવા વિકૃત પ્રસંગો ઊભા થાય છે. તેની સામે પ્રત્યેક જીવ સાથે મૈત્રીભાવ અને કોઈપણ જાતના મતભેદ વગર બધા જ જીવોને મદદ કરવાની વૃત્તિ જીવો અને જીવવા દો, પરસ્પર ઉપકાર કરવાની વૃત્તિ આવી જાય તો ઘણી સમસ્યાઓનું સમાધાન થઈ જાય છે. જીવનની સાચી દિશા મેળવવા માટે સાચી બાબતો ઉપર શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સાચું આચરણ – આ ત્રણેયનો સમન્વય આવશ્યક છે અને તે જ સુખ-શાંતિ અને વિકાસનો સાચો રાહ ચીંધે છે. આવા અનેકવિધ તત્ત્વોથી-રહસ્યોથી ભરપૂર તત્વાર્થાધિગમસૂત્ર – નામના ગ્રંથની રચના ઉમાસ્વાતિ નામના પ્રકાંડ વિદ્વાને કરી હતી. તેમણે કહ્યું કે આ સાધના કોઈપણ જાતની અંધશ્રદ્ધા, મતાગ્રહ, હઠાગ્રહ અને દુરાગ્રહથી મુક્ત હોય તો જ સફળ થાય છે. જૈન ધર્મનું જીવવિજ્ઞાન જેટલું સૂક્ષ્મ છે, તેટલું ભૌતિક વિજ્ઞાન પણ સૂક્ષ્મ છે, તેના રહસ્યો હજુ પણ ઉકેલવાના બાકી છે.

# એસ જી અંગ્રેજી પ્રાઈમરી સ્કૂલમાં એકપાત્રીય અભિનય સ્પર્ધા યોજાઈ



એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાઈમરી સ્કૂલનાં બાળકોમાં અભિનય કૌશલ્યનો વિકાસ તેમજ વકૃત્વ શૈલીનો વિકાસ થાય તે હેતુથી શાળામાં એકપાત્ર અભિનય પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૪નાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ કલાકારોતથા નેતાઓ વગેરેનાં પાત્રોની અસરકારક ભજવણી કરી હતી.

# એમ બી પટેલ સ્કૂલ જિલ્લા સ્કાઉટ ગાઈડ રેલીમાં સહભાગી બની

ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ બ્રાઈટ સ્કૂલ, કરાઈ ગામે યોજાયેલ સ્કાઉટ ગાઈડની જિલ્લા રેલીમાં ભાગ લીધો હતો. શાળાની કુલ ૩૨ વિદ્યાર્થીનીઓ આ રેલીમાં સહભાગી બની હતી. આ ૩૬મી જિલ્લા રેલીમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણાધિકારી એમ એસ બારડ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓને ધન્યવાદ આપ્યા હતા. બે દિવસના સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીનીઓએ અવલોકન સ્પર્ધા, છાવણી સજાવટ સ્પર્ધા, પિજન્ટ શો, અવલોકન સ્પર્ધા વગેરેમાં ભાગ લઈ પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યાહતાં. મદદનીશ શિક્ષક સરિતાબેન ત્રિવાઠીએ વિદ્યાર્થીનીઓને આ માટે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય નીરૂબેન પટેલે સમગ્ર શાળા પરિવાર વતી વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારું મધુરું બાળપણ'

# દાંપત્યજીવન : દ્રૌપદીએ આચરણમાં મૂકેલા સિદ્ધાંતો અને વ્યવહારસૂત્રો

મહાકાવ્ય મહાભારતની કથા પ્રમાણે દ્રૌપદી અને પાંડવોને કૌરવો કપટ થકી બાર વર્ષનો વનવાસ વેઠવો પડ્યો હતો. અરણ્યવાસ દરમ્યાન પાંડવો અને દ્રૌપદી સરસ્વતી નદીના કાંઠે આવેલા કામ્યકવનમાં કેટલોક સમય વિતાવ્યો હતો. આ સમય દરમ્યાન શ્રીકૃષ્ણ અને કૃષ્ણપત્ની સત્યભામા તેઓને ખાસ મળવા માટે કામ્યકવનમાં પધાર્યા હતા. એ સમયે કૃષ્ણએ દ્રૌપદી ને આશ્વાસન આપીને તેની વેદના હળવી કરવાનો પ્રયત્ન કર્યો. સત્યભામાએ નિરીક્ષણ કર્યું હતું કે દ્રૌપદી પોતાના પાંચેય પતિને ને ખુશ રાખી શકતી હતી અને પાંચેય પતિની એકતા માટેનો એક તંતુ કે સેતુ બની શકી હતી. સત્યભામા આશ્ચર્ય પામીને દ્રૌપદીને તેનું રહસ્ય પૂછે છે કે પોતે પાંચ પતિને એક સાથે ખુશ કેવી રીતે રાખી શકે છે? પોતે પાંચેય પતિને એક તંતુએ કેવી રીતે બાંધી શકે છે?



સત્યભામા અને દ્રૌપદી વચ્ચે થયેલા લાંબા સંવાદો મહાભારતના અરણ્યપર્વના ૨૨૨ અને ૨૨૩ માં અધ્યાય માં કુલ ૭૧ શ્લોક વાંચવા મળે છે. દ્રૌપદી પત્નિ માટેના સદાચરણના એ યુગના સિધ્ધાંતો સત્યભામાને કહે છે જે સાંભળી સત્યભામા પોતે આશ્ચર્યચકિત થઈ જાય છે. દ્રૌપદીએ સત્યભામાને કહેલાં અને પોતે આચરણમાં મૂકેલા સિધ્ધાંતો અને વ્યવહારસૂત્રો




vamlani@yahoo.co.uk

આજના સમયમાં પણ મહદઅંશે આપણાં સમાજની સ્ત્રીઓ આચરણ કરતી હોય એવું લાગે છે. વેદવ્યાસજી દ્રૌપદીના મુખે કહેલાં એ સિધ્ધાંતો રસપ્રદ છે.

પોતાના પતિ, સાસુ, નણંદ, જેઠાણી કે કોઈ અન્યને વશમાં રાખવા માટે કેટલીકવાર સ્ત્રીઓ જાદુમંત્ર, વશીકરણની વિદ્યા કે જડીબુટ્ટીઓની મદદ લેતી હોય છે. આમ કરવાથી જેમના ઉપર આ ઉપચારો અજમાવવામાં આવે છે તે વ્યક્તિઓ ભયંકર રોગના શિકાર બની જતાં હોય છે. ક્યારેક એ વ્યક્તિઓને કાયમી ખોઈ બેસવાનો વખત પણ આવે છે. આમ કરવાથી તે લોકોની આષ્થા તૂટી જાય છે. દ્રૌપદીએ કહ્યું કે કોઈ પણ પત્નીએ આ પ્રકારની વિદ્યા કે જડીબુટ્ટી નો ક્યારેય ઉપયોગ કરવો જોઈએ નહીં. પત્નિનો અહંકાર દાંપત્ય જીવનને છિન્નભિન્ન કરી નાંખે છે. તેના બદલે પોતાના નારીત્વને પૂજાના ફુલની જેમ, પ્રેમ અને લાગણીના જળથી સુગંધીત કરીને પતિના ચરણમાં સમર્પિત કરવાથી પતિ-પત્નીનો પ્રેમ ફુલની જેએમ મહેકી ઊઠે છે. સહજતા એ સ્ત્રીનું આગવું લક્ષણ છે. પતિ સાથેનો પત્નીનો સહજ વ્યવહાર તેના સંસારને વહેતી નદી જેવો રાખે છે. ઈર્ષાભાવ થી સદાને માટે દૂર રહીને પત્નિ પોતાના પતિના જીવનમાં પણ હકારાત્મક ભાવોનો સંચાર કરી શકે છે. પતિની દિનચર્યાને આધારે પત્નિની દિનચર્યા નક્કી થતી હોય છે. પતિનો શયનનો , ઉઠવાનો, વ્યવસાયે જવાનો, ભોજનનો વગેરે સમય ને સાચવીને પત્નિ પોતાની દિનચર્યા ઘડે છે. પતિના ભોજન પહેલા પત્નિ ક્યારેય ભોજન નથી કરતી. પતિના શયન પહેલા પત્નિ ક્યારેય શયન નથી કરતી. કામ માટે પત્નીના શબ્દકોશમાં 'આળસ' શબ્દ ક્યારેય હોય ના શકે. આમ કરવાથી બંનેની દિનચર્યાનો સુમેળ સાધી શકાય છે.

પતિ જ્યારે પ્રવાસ કરીને દૂરથી આવે છે ત્યારે પત્નિ તેના માટે ખાસ તૈયારીઓ કરીને રાખે છે. પતિ આવે ત્યારે તુરત જ તેના સ્નાન આદિની કાળજી રાખે છે. પતિને ભાવતા ભોજનની પણ કાળજી રાખે છે કારણ, કે પતિ જેટલા દિવસો બહાર રહ્યા હોય તે દીવસો દરમ્યાન તેણે બહારનું ભોજન જ લીધું હોય છે.

ઘરમાં જ્યારે નોકર-ચાકર હોય, ખાસ કરીને રસોઈ માટે મહારાજની સેવા પ્રાપ્ય હોય ત્યારે પણ પતિનું પ્રિય ભોજન પત્ની પોતે બનાવે તો એ ભોજન માં પ્રીતિ ભળે છે. જ્યારે પત્નીના બનાવેલા ભોજન પ્રીતિ ભળે છે ત્યારે બંને વચ્ચેનો પ્રેમ વધારે સુદ્રઢ બને છે અને પતિની તન્દુરસ્તી પણ જળવાય છે.

કોઈ પણ વ્યક્તિ એવું ના કહી શકે કે પોતે સંપૂર્ણ રીતે સુખી છે. પોતે તો કોઈ ને કોઈ રીતે દુખી હોય જ, પણ વ્યક્તિ પોતાના દુઃખનો બોજો બીજા ઉપર નાખીને પોતાની સાથે બીજાને પણ દુઃખી કરે છે. પત્ની પોતાના દુઃખ કે પોતાની વ્યથાનો બોજો પતિ ઉપર ક્યારેય નાખતી નથી. પોતાના દુઃખ પોતે સહન કરી લે છે અને તેની સમસ્યાના ઉકેલ પણ પોતે જ શોધી કાઢે છે. પોતે પતિના દુઃખના ભાગીદાર થવા માટે હઁમેશા પ્રયત્ન કરે છે અને પોતાની વિચારબુધ્ધિ પ્રમાણે પતિની સમસ્યા ઉકેલ શોધવા માટે મદદ કરવા તત્પર રહે છે. પતિને ના ગમતા વસ્ત્રો પોતે નથી પહેરતી, પતિને ના ગમતા સાજ-શણગાર પોતે નથી કરતી. સાજ-શણગાર કે વેશભૂષા કરતી વખતે વધુ સમય નથી બગાડતી. પતિ લાંબો સમય દૂર પ્રવાસે ગયા હોય ત્યારે પોતે સાજ-શણગાર નથી કરતી. રોજ-બ-રોજ પણ પત્ની મર્યાદિત માત્રામાં, સંયમીત અને પતિને ગમતા જ સાજ-શણગાર કરે છે. પતિની પસંદ-નાંપસંદ તેના કહ્યા વિના જ પત્ની સમજી જાય છે અને પોતાના વાણી, વર્તન અને વ્યવહાર પતિની પસંદ-નાપસંદ પ્રમાણે કરવાનાં સન્નિષ્ઠા પ્રયાસ કરે છે. (ક્રમશઃ)